ક્રમાંક: જીઆઇડીસી/ઓ&એમ/સીઆઇઆર/હિસાબ/વસુ./૧૪

તા.૨૯/૦૪/૨૦૧૯.

-: પરિપત્ર ;-

નિગમની ઔધોગિક વસાહતોમાં ઉપલબ્ધ પ્લોટ/ શેડની ફાળવણી માટે નિગમ દ્વારા ઓનલાઇન પોર્ટલ ડેવલોપ કરવામાં આવેલ છે, તથા તે અન્વયે પ્લોટ્સ ની ફાળવણી તેમજ ત્યારબાદના નિગમને ચૂકવવાના થતાં હપ્તા અને અન્ય ચૂકવણાં ઓનલાઇન પેમેન્ટ ગેટ - વે મારફતે કરવા સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

ફાળવણીદારોની ચૂકવણાની પધ્ધતિ બાબતે અનુભવે ધ્યાને આવેલ છે, કે કેટલાક કિસ્સામાં પ્લોટ ફાળવણી અંગેનું ડાઉન પેમેન્ટ, હપ્તાના ચૂકવણા, વહીવટી ચાર્જ, કેમિકલ/ નોન-કેમિકલ ચાર્જ, વેલફેર ફંડ અને જી.એસ.ટી. ની રકમો D.D. કે RTGS/ NEFT મારફતે નિગમને ભરપાઈ કરવામાં આવે છે.

આ ઉપરાંત કેટલાક કિસ્સામાં એ મુજબ પણ ધ્યાને આવેલ છે કે નિગમના નિયમાનુસાર જે ચૂકવણાં ચોકકસ સમય મર્યાદા માં ભરપાઇ કરવાનાં હોય તે સમય મર્યાદામાં ભરપાઇ ન થવાના કિસ્સામાં ફાળવણીદાર દ્વારા નિયત સમય મર્યાદા બાદ ચૂકવણું કરવા અંગે મંજૂરી મેળવવી જરૂરી હોવા છતાં ફાળવણીદાર બારોબાર RTGS મારફતે ચૂકવણું કરી વિવાદ ઉપસ્થિત કરવા પ્રયત્ન કરે છે. ફાળવણીદાર દ્વારા સંબંધિત પ્રાદેશિક મેનેજરશ્રીની જાણ બહાર બારોબાર RTGS/ NEFT મારફતે નિગમના બેંક ખાતામાં રકમ સીધી જમા કરી નિગમની નિતિ વિરૂદ્ધ નાણાં ભરપાઈ કર્યા હોવાના હક દાવા રજૂ કરી ગેરવાજબી લાભ મેળવવા પ્રયત્ન કરી નીતી વિષયક અને કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવે છે.

ફાળવણીદાર દ્વારા આ મુજબ બારોબાર ભરપાઈ કરવામાં આવેલ રકમ નિગમના કયા બાકી લ્હેણાં પેટે ભરપાઈ કરવામાં આવેલ છે તેની વિગતો પણ કચેરી પાસે ઉપબ્ધ થતી નથી. આ સંજોગોમાં ફાળવણીદાર દ્વારા ભરપાઈ કરવામાં આવેલ જી.એસ.ટી. કે અન્ય વૈધાનિક જવાબદારીની રકમ જાણી શકાતી ન હોઇ તે નિયત સમય મર્યાદામાં સરકારશ્રીમાં જમા ન થવાના કિસ્સામાં વિલંબીત સમય માટે દંડકીય વ્યાજ ભરવાના પણ પ્રશ્નો ઉપસ્થિત થવા સંભવ છે.

ઉપરોક્ત સંજોગોમાં નિગમનાં લેણાંના ચૂકવણા બાબતે નીચે મુજબ સૂચના આપવામાં આવે છે.

(૧) ફાળવણીદારે નિગમને ચૂકવવાના હોઈ પણ લ્હેણા બાબતે સામાન્ય સંજોગોમાં નિગમ દ્વારા નિયત કરેલ ઓનલાઈન પોર્ટલ મારફતે જ ચૂકવણું કરવાનું રહેશે.

(૨) ફાળવણીદાર દ્વારા વિના મંજૂરીએ ઓનલાઈન પોર્ટલ સિવાય કરેલ કોઈ પણ ચૂકવણાના કિસ્સામાં આવા નાણાં જમા થવા બાબતે ફાળવણીદાર કોઈ હક દાવો કરી શકશે નહી. તેમજ નિગમ કે સરકારશ્રીના વૈધાનિક ચૂકવણા બાબતે લાગુ પડતા કોઈ પણ વ્યાજ/ દંડકીય વ્યાજ કે અન્ય તમામ વધારાના ચૂકવણા માટે ફાળવણીદાર સંપૂર્ણ જવાબદાર રહેશે.

(૩) કોઈ અસામાન્ય સંજોગોમાં ફાળવણીદાર ડી.ડી. કે આર.ટી.જી.એસ. મારફતે ચૂકવણું કરાવા બાધ્ય હોય તો તેવા તમામ કિસ્સામાં ફાળવણીદારે સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી/પ્રાદેશિક મેનેજરની લેખિત પૂર્વ સંમતિ મેળવવાની રહેશે. ફાળવણીદાર દ્વારા આ મુજબ RTGS મરફતે ચૂકવણું કરવાના કિસ્સામાં ચૂકવણું થયેથી ફાળવણીદારે આ ચૂકવણાનો UTR No. સંબંધિત પ્રાદેશિક મેનેજરશ્રી/ કાર્યપાલક ઇજનેરશ્રીને તાત્કાલીક અચૂક મોકલી આપવાનો રહેશે.

(૪) કાર્યપાલક ઇજનેરશ્રી/પ્રાદેશિક મેનેજરશ્રીએ આવા અસામાન્ય કિસ્સામાં પૂરતી કાળજી લઈ ચોક્કસ કારણો નોંધીને જ અપવાદરૂપ કિસ્સામાં જ આવી મંજૂરી આપવાની રહેશે.

(૫) આ મુજબના કિસ્સામાં પ્રાદેશિક મેનેજરશ્રી/ કાર્યપાલક ઇજનેરશ્રી જે તે વસુલાત માટે તેઓને સોંપાયેલ નાણાકીય/સમયમર્યાદાની સત્તામર્યાદા પૂરતી જ આવી મંજૂરી આપી શકશે. આ સિવાયના સત્તામર્યાદા બહારના કિસ્સામાં વડી કચેરીના સક્ષમ સત્તાધિકારીની મંજૂરી લેવાની રહેશે.

(૬) અસામાન્ય સંજોગોમાં અપવાદરૂપે ઓનલાઇન પોર્ટલ સિવાય ચૂકવણા કરવા અંગેના કોઈપણ કિસ્સામાં નિગમનો નિર્ણય આખરી રહેશે.

પ્રાદેશિક મેનેજરશ્રી તથા કાર્યપાલક ઇજનેરશ્રીઓ એ આ પરિપત્રની જાણ તમામ ફાળવણીદારને કરવાની રહેશે તથા ભવિષ્યના તમામ ફાળવણી હુકમોમાં આ અંગે નોંધ કરવાની રહેશે.

સહી-/

ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલક

રવાનાં કર્યું

મેનેજર (મહેકમ)

પ્રતિ

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલવારી સારૂ,